બાય વેબસાઇટ

જા.નં./મા-૨/ધ્વજદિન ઉજવણી/૨૦૨૫/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૮/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી( S.V.S.મારફત )
સુરત શહેર અને જિલ્લાની તમામ મા.અને.ઉ.મા.શાળાઓ તરફ

વિષય:-અંધજનોનાં લાભાર્થે અખિલ ભારત અંધજન ધ્વજદિની ઉજવણી અને ફાળો એકત્ર કરી મોકલવા બાબત.

સંદર્ભ:-નેશનલ અસોસીએશન ફોર ઘ બ્લાઇન્ડ સુરત જિલ્લા શાખા સુરતનો પત્ર ક્રમાંક/એ/૨૯/તા.૦૧-૦૯-૨૦૨૫.

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે નેશનલ અસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ સુરત જિલ્લા શાખાએ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના દિવ્યાંગજનો તથા અંધજનો માટે શિક્ષણ તેમજ તેમના સર્વાંગી વિકાસ અને પુનઃવસન માટે કાર્ય કરતી સંસ્થા છે. આ સસ્થાં દ્વારા નેત્રહીન, મંદબુધ્ધિ,શ્રવણમંદ અને અસ્થિ વિષયક બાળકોને તેમના ઘરે શિક્ષણ આપવાની કાર્યવાહી કરે છે.તા.૧૪-૯-૨૦૨૫ ના રોજ સમગ્ર દેશમાં અખિલ ભારત અંધજન ધ્વજદિનની ઉજવણી કરી,આ અંગે સ્વૈચ્છિક રીતે ભેગો થયેલ ફાળો **" નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ,સુરત જિલ્લા શાખા "** ના નામનો ચેક,ડ્રાફ્ટ કઢાવી અથવા રોકડા અંધજન શિક્ષણ મંડળ સંકુલ,ઘોડદોડ રોડ,સુરત-૩૯૫૦૦૭ ના સરનામે મોકલી તેની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

નકલ રવાના: પ્રમુખશ્રીનેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ,સુરત જિલ્લા શાખા,
અંધજન શિક્ષણ મંડળ સંકુલ ઘોડદોડ,સુરત-૩૯૫૦૦૭

...વજનિક ટ્રસ્ટ નં. એફ. / ૫૫૨ / સુરત.
સોસાયટી નોંધણી નં. ગુજરાત / ૬૪૭ / સુરત.
વિકલાંગ ધારા ૧૯૯૫, રજીસ્ટ્રેશન નં. - ૪૬૫

☎ (O) (0261) 2669480

# નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ

(સુરત જિલ્લા શાખા)

અંધજન શિક્ષણ મંડળ સંકુલ
ઘોડદોડ રોડ,
સુરત-૩૯૫ ૦૦૭

NAB
SERVE THE BLIND

: પ્રમુખ :
શ્રી આનંદ ગો. ચોખાવાળા
: માનદમંત્રી :
શ્રી નિતેશકુમાર સુખડીયા

nabsurat@yahoo.in

જાવક નંબરઃ એ/ ૨૧

તા.૦૧/૦૯/૨૦૨૫

પ્રતિ,
મા.જિલ્લા શિક્ષણાધિકરીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકરીશ્રીની કચેરી,
જીલ્લા સેવા સદન,
અઠવાલાઇન્સ,
સુરત-૭

વિષયઃ- અંધજનોના લાભાર્થે અખિલ ભારત અંધજન ધ્વજદિનની ઉજવણી બાબત.

મા.સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઇન્ડ સુરત જિલ્લા શાખા દ્વારા સુરત શહેર તેમજ ઓલપાડ, કામરેજ, ચોર્યાસી, માંગરોળ, બારડોલી, પલસાણા, મહુવા, ઉમરપાડા, માંડવી વગેરે તાલુકામાં દિવ્યાંગ બાળકો ની માધ્યમિક તબકકાની સંમિલિત શિક્ષણ (IEDSS) કાર્યરત છે.હાલમાં ૨૨ વિશિષ્ટ શિક્ષકો પોતાની ફરજ બજાવી રહયા છે.

આ ૧૪/૯/૨૦૨૫ ના દિને દેશભરમાં ઉજવવામાં આવનાર અખિલ ભારત અંધજન ધ્વજદિનની ઉજવણી પ્રસંગે અંધજનો આપની શુભેચ્છાઓ અને આશિષ માંગે છે.આ દિને અખિલ ભારત અંધજન ધ્વજદિનની ઉજવણી કરી સ્વૈચ્છિક ફાળો **નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડ સુરત જિલ્લા શાખા** ને રોકડા, ચેક, અથવા ડ્રાફ્ટ થી મળે એવી વિનંતી કરીએ છીએ.

આપે તથા આપની સંસ્થાએ ભૂતકાળમાં અંધજનોના સર્વાંગી વિકાસ સંદર્ભે પ્રોત્સાહન પુરુ પાડેલ છે.આ વર્ષે પણ આપ આ કાર્યમાં સહભાગી થશો જ એવી અમને શ્રદ્ધા છે.

આશા છે કે ઉપરોકત બાબતે આપશ્રી અંધજનોના આ કાર્યમાં સહાયભૂત થશો અને અંધજનોનો ઉત્સાહ વધારશો.

આભાર સહ.

ભવદીય

(ભાનુભાઇ અમરેલીઆ)
ઉપપ્રમુખ
એન.એ.બી સુરત જિલ્લા શાખા

જોડાણઃ- ધ્વજ
બિડાણઃ આપશ્રીની કચેરીનો ગત વર્ષ નો પરિપત્ર તા.૧૦-૦૯-૨૦૨૪ ની નકલ જાણ સારૂ.
નોંધઃ રોકડા, ચેક, અથવા ડ્રાફ્ટ **નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઇન્ડ સુરત જિલ્લા શાખા** ના નામે મોકલવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર : 11362
તારીખ : ૩/૯
શાખા :-

NATIONAL ASSOCIATION FOR THE BLIND
SURAT DISTRICT BRANCH
Reg. No. F/552/SURAT